# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## મંગળવાર, ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - આદિજાતિ વિકાસ - મત્સ્યોદ્યોગ - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ].

**કુલ પ્રશ્નો 44**

----

### નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે બકરાં એકમ યોજના

**15/4/426 *1** **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

### મહેસાણા જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર માટે સહાય

**15/4/414 *2** **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને (૨) જો હા, તો

આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**રાજ્યમાં ખેડૂતોને યુરીયા ખાતર ખરીદવા બાબત**

15/4/239 *3 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો યુરીયા ખાતર સાથે કઈ વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવામાં આવે છે અને તે અંગે ક્યારે કોના દ્વારા આદેશ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવાના કારણો શાં છે?

----

**સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેકટ**

15/4/433 *4 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨-૨૩માં સુરેન્દ્રનગર જિલ્લામાં સ્કુલ ઓન વ્હીલ પ્રોજેક્ટ અંતર્ગત કેટલા અગરીયાના બાળકોને શિક્ષણનો લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

----

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ધોરણ-૧ થી ૫ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કુલમાં આપેલ ગેરકાયદે પ્રવેશ**

15/4/248 *5 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાના ધો ૧ થી ૫ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કૂલમાં ગેરકાયદે પ્રવેશ આપ્યો હોવાની કેટલી ઘટનાઓ બની, અને

(૨) ઉક્ત ઘટનાઓમાં કઈ સરકારી શાળાના કેટલા વિદ્યાર્થીઓને કઈ ખાનગી શાળામાં પ્રવેશ આપી કેટલી ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધા?

----

## આણંદ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપના સહાય યોજના

15/4/425 *6 **શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ:૨૦૨૨-૨૩માં આણંદ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## પોરબંદર ફીશરીઝ ટર્મીનલના ઓક્શન હોલની કામગીરી

15/4/256 *7 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મત્સ્યોદ્યોગ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૦૯૫ (અગ્રતા-૭૬)ના અનુસંધાને માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) પોરબંદર ફીશરીઝ ટર્મીનલ ઉપર ઓક્શન હોલની કામગીરી જૂન-૨૦૧૮માં પૂર્ણ કરવામાં આવેલ તે દુકાનોની ફાળવણીની ઈ-ઓક્શનની પ્રકિયા તા.૧૦/૦૪/૨૦૨૩થી શરૂ કરી બને તેટલી ઝડપથી કાર્યવાહી/ફાળવણી કરવાનું આયોજન હતું તે કાર્યવાહી/ફાળવણી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો કેટલી દૂકાનોની ફાળવણી ક્યારે કરવામાં આવી, અને

(૩) ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોય તો તેના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

----

## પશુપાલન પ્રભાગ માટે બજેટમાં જોગવાઈ

15/4/237 *8 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) પશુપાલન પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## પાટણ જિલ્લામાં પશુઓનું રસીકરણ

15/4/430 *9 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું?

----

## રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની યોજનામાં સહાય

15/4/417 *10 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે બાકી પ્રિમિયમ

15/4/260 *11 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ખેડૂતોએ કેટલી રકમનું વીમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વર્ષનું વિમા પ્રિમિયમ રાજ્ય સરકારે ખાનગી વિમા કંપનીઓને ચુકવવાનું બાકી છે કે કેમ,

(૩) જો હા, તો કેટલી રકમનું પ્રિમિયમ રાજ્ય સરકારે ચૂકવવાનું બાકી છે અને તેના કારણો શાં છે?

----

## રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલ

15/4/252 *12 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

**અમરેલી જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

15/4/422 *13 **શ્રી જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (ધારી):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨ૃ ઉક્તસ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**ભાવનગર શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના**

15/4/432 *14 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી-પરત ચુકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે, અને

(૨) વર્ષ ૨૦૨૨-૨૩માં ભાવનગર શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે?

----

**અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિકયોરીટી મિશન - ઘઉં યોજના**

15/4/421 *15 **શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ (સાણંદ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ઘઉં યોજના અંતર્ગત ઘઉં પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ સદર નિદર્શનમાં વર્ષવાર કેટલા ખર્ચ કરવામાં આવ્યો ?

----

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિ

15/4/266 *16 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસમાં ઉક્ત જિલ્લાઓમાં કયા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા?

----

## ગીરસોમનાથ જિલ્લામાં બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/4/423 *17 **ડૉ. પ્રદ્યુમન ગનુભાઈ વાજા (કોડીનાર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી?

----

## કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ ની ઉચ્ચત્તર માધ્યમિક સરકારી શાળાઓ

15/4/153 *18 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક સરકારી શાળા શરૂ કરવા કેટલી અરજી/ રજુઆત સરકારને મળી અને,

(૨) ઉક્ત અરજીઓ અન્વયે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## અરવલ્લી જિલ્લામાં ડેરી ફોર્મ સ્થાપના સહાય યોજના

15/4/424 *19 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષઃ૨૦૨૨-૨૩માં અરવલ્લી જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળાપશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## આદિજાતિ વિકાસ વિભાગ માટે બજેટમાં જોગવાઈ

15/4/245 *20 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) આદિજાતિ વિકાસ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

**15/4/265 *21** **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રામ ગૃહ નિર્માણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં કરેલ જોગવાઈ

**15/4/270 *22** **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) પ્રાથમિક, માદયમિક અને પ્રૌઢ શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## શૈક્ષણિક સંસ્થાઓમાંં માદયમિકના વર્ગો શરૂ કરવા બાબત

**15/4/102 *23** **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓ કે સ્કુલોમાં નવા માદયમિકના વર્ગો શરૂ કરવા

કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સંસ્થા કે સ્કુલોને માધ્યમિકના વર્ગો શરૂ કરવા મંજૂરી આપવામાં આવી ?

----

**રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા**

15/4/435 *24 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે પૈકી કેટલી જગ્યાઓમાં જ્ઞાન સહાયકની ભરતી કરવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે

----

**પંચમહાલ જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ**

15/4/418 *25 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**બનાસકાંઠા જિલ્લામાં પશુઓનું રસીકરણ**

15/4/429 *26 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું?

----

## સાબરકાંઠા જિલ્લામાં પપૈયાના પાક માટે સહાય

15/4/413 *27 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર)ઃ**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો પપૈયા પાકના વાવેતર માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

15/4/428 *28 **શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા (ફતેપુરા)ઃ**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મેળામાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય

15/4/420 *29 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## સુરત જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

15/4/427 *30 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશેકે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મેળામાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## કચ્છ જિલ્લામાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સહાય

15/4/416 *31 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## કૃષિ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/233 *32 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) કૃષિ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

15/4/440 *33 **શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં એજીઆર-૩ યોજના અંતર્ગત ક્ષેત્રિય નિદર્શનો

15/4/419 *34 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં એજીઆર-૩ યોજના અંતર્ગત કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નિદર્શનો માટે વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે?

----

**અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી બાબત**

15/4/400 *35 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલી માધ્યમિક ગ્રાંટ-ઈન-એઈડ સ્કુલોમાં છેલ્લા બે વર્ષમાં ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન કુલ કેટલા શિક્ષકો વય નિવૃતિના કારણે નિવૃત થયા, અને
(૨) ઉક્ત સ્કુલોમાં ચાલુ શૈક્ષણિ સત્ર દરમિયાન નિવૃત થયેલ શિક્ષકોની અવેજીમાં કેટલા શિક્ષકોને નિમણુંક આપવામાં આવી, અને
(૩) ઉક્ત સ્થિતિએ જો ચાલુ શૈક્ષણિક સત્ર દરમિયાન નિવૃત થનાર શિક્ષકોની અવેજીમાં શિક્ષકોની ભરતી ન કરી હોય તો વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને અસર ન થાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે?

----

**વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી**

15/4/441 *36 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) તેની સામે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ

કરાવવામાં આવેલ છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી

15/4/439 *37 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષવાર, જિલ્લાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત જિલ્લાવાર ફાળવેલ નાણાંમાંથી ઉક્ત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી ઉભી થઈ,

(૩) ઉક્ત સ્થિતિએ એક માનવદિનની રોજગારીના દર શું નક્કી કરવામાં આવેલ છે, અને

(૪)ઉક્ત દર ક્યારથી અમલમાં છે?

----

## ઉત્તરવહી ચકાસણીમાં ભૂલ બાબતે શિક્ષકોને દંડ

15/4/240 *38 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાની ઉત્તરવહીના માર્કસમાં સરવાળામાં ભુલ કરી હોય તેવા કેટલા શિક્ષકોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા શિક્ષકોએ કેટલી દંડની રકમ જમા કરાવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શિક્ષકો પાસેથી કેટલી દંડની રકમ વસુલવાની બાકી છે, અને

(૪) બાકી રકમ વસુલવા શાં પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ મેળવેલ બોગસ પ્રવેશ

15/4/249 *39 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં આવક વધુ હોવા છતાં ઓછી આવક બતાવીને આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ કેટલા વિદ્યાર્થીઓએ બોગસ પ્રવેશ મેળવ્યાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર બોગસ પ્રવેશ મેળવનાર સામે શા પગલાં લીધાં, અને
(૩) આર.ટી.ઈ એક્ટ-૨૦૦૯ હેઠળ બોગસ પ્રવેશ અટકે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

----

## મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે બજેટમાં ફાળવેલ રકમ

15/4/254 *40 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) મત્સ્યોદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## ગ્રામ વિકાસ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/268 *41 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગ્રામ વિકાસ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## ખાનગી સ્કુલોમાં ફી નિયમન

15/4/103 *42 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખાનગી સ્કુલોની ફી નિયમીત કરતી અમદાવાદની ફી નિયમન સમિતિ કટ ઓફ ફી નું સ્લેબ વધારવા સંચાલકો જ પ્રયત્ન કરે છે તે હકીકત સાચીછે કે કેમ, અને

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ સરકારે આ અંગે શું કાર્યવાહી કરી છે?

----

## અમદાવાદ જિલ્લામાં ગુણોત્સવ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મુલ્યાંકન

15/4/401 *43 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ અંતર્ગત અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મુલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા સહાય

**15/4/402 *44 શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સહાય ચુકવવામાં આવી?

----